# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)

ટેલીફોન નં. ૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેક્ટર ૧૦-એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email: md-gscsc@gujarat.gov.in, Website: www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


::સીધી ભરતી- લેખિત પરીક્ષા ::

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. ગાંધિનગર દ્વારા જાહેરાત ક્રમાંક : ગુરાનાપુનિલી/વર્ગ-૩/૨૦૧૮૧૯/૬થી નીચે દર્શાવેલ સંવર્ગની સીધી ભરતીથી ભરવા અંગે વિવિધ વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ, જે અન્વયે નિગમ દ્વારા નીચે દર્શાવેલ સમય પત્રક મુજબ પરીક્ષાનુ આયોજન કરેલ છે.જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

| જાહેરાત ક્રમાંક નંબર | સંવર્ગ | તારીખ | સમય (કલાકે ) |
|---|---|---|---|
| GSCSCL/201819/6 | આસીસ્ટન્ટ/ આસીસ્ટન્ટ ડેપો મેનેજર | ૨૨/૦૯/૨૦૧૯ | ૧૦:૩૦ થી ૧૧:૩૦ |

પરીક્ષાનુ સ્થળ,પરીક્ષાને લગતી અન્ય સુચનાઓ તથા પ્રવેશ પત્ર ડાઉનલોડ કરવા માટે http://Ojas.gujarat.gov.in (ઓજસ વેબસાઇટ) તા.૧૪/૦૯/૨૦૧૯ના રોજ ૧૪-૦૦ કલાક થી તા.૨૨/૦૯/૨૦૧૯ ના રોજ ૧૦:૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે.તમામ ઉમેદવારોએ સુચના મુજબનુ ફોટો સાથેનુ પ્રવેશ પત્ર તથા આપના ફોટો સાથેનુ ઓળખ પત્ર પોતાની સાથે લાવવું અને પરીક્ષાની તમામ શરતોનુ પાલન કરવુ ફરજિયાત છે.

નોંધ : જે ઉમેદવારોએ પહેલા જનરલ કેટેગરીમાં ફોર્મ ભરેલ હોય અને ત્યારબાદ ફરી વખત EWSમાં ફોર્મ ભરેલ હોય તેવા ઉમેદવારોએ ફક્ત EWSમાં અરજી કરેલ હોય તે જ અરજીનો પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા સુચના આપવામાં આવે છે.જનરલ કેટેગરીના જે ઉમેદવારે રૂ.૩૦૦/- ફી ભરેલ હશે અને જનરલ કેટેગરી સિવાયના તમામ ઉમેદવારએ કે જેઓએ રૂ.૧૫૦/- ફી ભરેલ હશે તેવા ઉમેદવારો ઓજસ વેબસાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે.

ઇ.ચા.જનરલ મેનેજર

:: ઉમેદવારો માટેની સૂચનાઓ ::

(આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.,ગાંધીનગર ભરતી માટે માંગવામાં આવેલ અરજીઓની ઉમેદવારો માટે સુચનાઓ.

નિગમ ધ્વારા વર્ગ–૩ ના **આસીસ્ટન્ટ/આસીસ્ટન્ટ ડેપો મેનેજર** સંવર્ગ માટે ઓનલાઈન અરજી પત્રકો મંગાવતી વખતે શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય મર્યાદા, પરીક્ષા પધ્ધતિની વિગતો, ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ વગરે બાબતે વિગતવાર સૂચનાઓ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. જે તમામ ઉમેદવારોએ કાળજીપૂર્વક ધ્યાને લીધેલ હશે તેવી અપેક્ષા રાખવામાં આવેલ છે. આમ છતાં જો આ સૂચનાઓ ધ્યાને લેવામાં ના આવેલ હોય તો તે પરીક્ષા આપતાં અગાઉ વેબસાઈટ ઉપર પુનઃ વાંચી લેવા અનુરોધ છે.

(૧) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગરની કચેરી ધ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વિકારવાની છેલ્લી તારીખે નિયત ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ અને અન્ય નિયત યોગ્યતા ધરાવો છો તે શરતે જ આપને તદ્દન કામચલાઉ ધોરણે આપના અરજી ફોર્મની ચકાસણી કર્યા સિવાય આપની જવાબદારી પર પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવે છે. જો કોઈપણ તબકકે એમ જણાશે કે આપ નિયમો પ્રમાણે ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ અને અન્ય સંલગ્ન નિયત લાયકાતો ધરાવતા નથી તો આપ કસોટીમાં બેઠા હશો તો પણ આપની અરજી રદ ગણાશે.

(૨) આ પરીક્ષામાં આપે મેળવેલ ગુણ કે જવાબવહીની પુનઃચકાસણી બાબતમાં કોઈપણ રજુઆત કે પત્ર–વ્યવહાર નિગમ ધ્વારા ધ્યાન પર લેવામાં આવશે નહિ.

(૩) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૪) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ કોલ લેટર–કમ–હાજરીપત્રક પર પોતાનો ફોટો ચોંટાડી સાથે અચૂક લાવવાનું રહેશે. અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં પરીક્ષા શરૂ થાય તે પહેલાં આપે ૩૦ મિનિટ પહેલાં પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થઈને સ્થાન ગ્રહણ કરી લેવું.

(૫) ઉમેદવારે તેમને આપવામાં આવેલ OMR SHEET અને પ્રશ્નપત્રની સીરીઝ તથા ટાઈપ જવાબવહીમાં કોઈપણ લખાણ કરતાં પહેલાં ચકાસવાની રહેશે. જો તેમાં કોઈ ફેરફાર જણાય તો તુરત જ તેની ખંડ નિરીક્ષકને જાણ કરવાની રહેશે. ત્યારબાદ કોઈપણ પ્રકારની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૬) લહિયા ( SCRIBE) ની મદદ/સુવિધા આપવાની વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૭) ઉમેદવારે પોતાના ખર્ચે પરીક્ષા આપવાની રહેશે.

(૮) પરીક્ષાના પુરા સમય દરમ્યાન પરીક્ષા ખંડ છોડી શકાશે નહિ.

(૯) ઉત્તરવહીમાં ભૂરી (બ્લુ) અથવા કાળી (બ્લેક) પૈકી એક જ બોલપેનનો ઉપયોગ કરવો. પેન્સિલનો ઉપયોગ બિલકુલ કરવાનો નથી.

૧૦) પરીક્ષાખંડમાં ઉમેદવારે પ્રવેશપત્ર સિવાય કોઈપણ વસ્તુ જેવી કે નોટ, પુસ્તક, કાપલી, કેલકયુલેટર, ગાંણિતીક સાધનો જેવા કે કોષ્ટક, મોબાઈલ ફોન વગેરે લાવવા નહિ. જો હોય તો ઉમેદવારના જોખમે પરીક્ષાખંડની બહાર મુકી દેવાના રહેશે.

૧૧) ઉમેદવાર ધ્વારા જવાબવહીમાં જો રોલનંબર ખોટો લખવામાં આવશે કે ખોટો એનકોડ (ENCODE) કરવામાં આવશે તો કોમ્પ્યુટર એસેસમેન્ટ કરશે નહિ.

૧૨) O.M.R. ના કોઈ વર્તુળમાં ભુલથી પણ પેનથી ટપકું થયું હશે તો પણ કોમ્પ્યુટર એસેસમેન્ટમાં તેને જવાબ ગણી લેવાશે અને તેના કારણે એક થી વધુ જવાબ તરીકે ગણવામાં આવશે અને તે જવાબને ખોટો ગણવામાં આવશે.

૧૩) નીચે દર્શાવેલ વિષયોની ઓપ્ટીકલ માર્કરીડીગ (O.M.R) પધ્ધતિથી ૧૦૦ ગુણની સંવર્ગવાર લેખિત પરીક્ષા એક કલાકની રાખવામાં આવેલ છે.

| ક્રમ | વિષય | માર્કસ |
|---|---|---|
| ૧ | કવોન્ટીટેવ એબીલીટી | ૨૫ |
| ૨ | એનાલીટીકલ એબીલીટી | ૨૫ |
| ૩ | લોજીકલ રીઝનીગ | ૨૫ |
| ૪ | કરન્ટ અફેર્સ, ભારત અને રાજય | ૧૦ |
| ૫ | ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને વહીવટી તંત્ર | ૧૫ |

૧૪) **પ્રશ્નપત્રમાં નેગેટીવ ગુણ પધ્ધતિ નથી.**

૧૫) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર " A ", " B", "C" અને "D" પૈકી કોઈ એક રહેશે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના વિકલ્પ માટે "E" (જવાબ આપવા માંગતા નથી.) આપવાનો રહેશે, જેના કોઈ માર્કસ મળશે પણ નહિ અને તે અંગેના કોઈ માર્કસ કાપવામાં પણ આવશે નહિ.

૧૬) કોઈપણ કામસર નિરીક્ષકની પૂર્વ મંજુરી સિવાય ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો નહિ.

૧૭) પરીક્ષા સમય દરમ્યાન ઉમેદવારને સુપરવાઈઝર અથવા નિરીક્ષકશ્રી તરફથી જે સૂચનાઓ આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો ઉમેદવાર તેમ નહીં કરે કે અઘટીત અથવા અનુસુચિત આચરણ કરશે તો તેઓને પરીક્ષાખંડમાંથી ઉઠાડી મુકવામાં આવશે, તેમજ ભરતી પસંદગી સમિતિને યોગ્ય જણાય તે મુજબ શીક્ષાને પાત્ર ઠરશે જેની નોંધ લેવી.

૧૮) પરીક્ષા પૂરી થયા બાદ જવાબવહી નિરીક્ષક પાસે જમા કરાવવાની રહેશે. જયાં સુધી નિરીક્ષક આપની પાસે આવીને જવાબવહી પરત ન લે અને પરીક્ષાખંડ છોડવાની પરવાનગી ન આપે ત્યાં સુધી ઉમેદવારે પોતાની જગ્યા પર શાંતિથી બેસવું.

૧૯) પ્રશ્નપત્રમાં કોઈ ક્ષતિ અંગે આપને રજુઆત હોય તો પરીક્ષા પુરી થયા બાદ તુરત જ કેન્દ્ર પરના કેન્દ્ર નિયામકશ્રીને લેખિતમાં આપવાની રહેશે.

૨૦) તમામ ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં ફી ભર્યા અંગેનું ચલણ સાથે લાવવાનું રહેશે.

૨૧) આ જગ્યાઓ સરકારની હાલની ફિક્સ પગારની નીતિ અનુસાર સીધી ભરતીથી ભરવામાં આવનાર છે. સદર વિષયે રાજય સરકાર/નિગમના વિવિધ કોર્ટમાં ચાલતા કેસોના આખરી ચુકાદાને આધિન રહેશે.

૨૨) લેખિત પરીક્ષા પૂર્ણ થયા બાદ, અંદાજે ત્રણ દિવસમાં પ્રોવીજીનલ આન્સર કી ઓજસ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. પ્રોવીજીનલ આન્સર કી પ્રસિધ્ધ થયા તારીખથી કામકાજના પાંચ દિવસમાં જરૂરી આધાર–પુરાવા સાથે આન્સર કી સામેના વાંધા રજુ કરવામાં આવશે તો, તે વિચારણામાં લેવામાં આવશે અને બાદમાં ફાઈનલ આન્સર કી ઓજસ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

Corporate Identity Number [CIN] U65910-GJ1980SGC003957
Email: md-gscsc@gujarat.gov.in Web site: www.gscscl.gujarat.gov.in

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ સેકટર ૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨ ૨૧૦૩૭/૩૮ ફેકસ નં. (૦૭૯) ૨૩૨ ૨૨૭૦૭

(જાહેરાત ક્રમાંક: ગુરાનાપુનિ/વર્ગ-૩/૨૦૧૮/૧)

(વેબ સાઇટ એડ્રેસ :http://ojas.gujarat.gov.in)

ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર ધ્વારા વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે http://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર તારીખ ૨૭.૧૨.૧૮ (બપોરના ૨=૦૦ કલાક) થી તારીખ ૧૦.૦૧.૧૯ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે પુન: તા.૨૯.૦૫.૨૦૧૯ (બપોરના ૨=૦૦ કલાક) થી તા.૨૭.૦૬.૨૦૧૯ (રાત્રીના ૧૧=૫૯ કલાક સુધી) રીઓપન કરવામાં આવે છે. શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય અને વય મર્યાદામાં છુટછાટ, પરિક્ષા પધ્ધતિની વિગતો, ઓન લાઇન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી, વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપૂર્ણ સુચનાઓ સદર વેબસાઇટ પર જોયા બાદ જ ઉમેદવારે ઓન-લાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | સરકારશ્રીના નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગાર (માસિક) રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ (E.W.S) | સા.અને શૈ રીતે પછાત (S&EBC) | અનસૂચિ-ત જાતિ (S.C) | અનુસૂચિત જન જાતિ (S.T) | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ (E.W.S) | સા.અને શૈ રીતે પછાત (S&EBC) | અનસૂચિ ત જાતિ (S.C) | અનુસૂચિત જન જાતિ (S.T) | |
| ૧ | આસીસ્ટન્ટ મેનેજર | ૧૩ | ૮ | ૧ | ૩ | ૦ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૩૮,૦૯૦/- |
| ૨ | ડેપો મેનેજર | ૧૧ | ૭ | ૧ | ૨ | ૦ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૩૧,૩૪૦/- |
| ૩ | સીનીયર આસીસ્ટન્ટ | ૧૮ | ૧૦ | ૧ | ૪ | ૧ | ૨ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૧૯,૯૫૦/- |
| ૪ | આસીસ્ટન્ટ/ આસી.ડેપો મેનેજર | ૯૫ | ૪૧ | ૯ | ૨૫ | ૬ | ૧૪ | ૧૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૧૯,૯૫૦/- |
| કુલ | | ૧૩૭ | ૬૬ | ૧૨ | ૩૪ | ૭ | ૧૮ | ૨૨ | ૩ | ૧૧ | ૨ | ૬ | |

૧) સદરહુ જાહેરાતની ઓન લાઇન અરજી કન્ફર્મ થયા બાદ ઉમેદવારે પોસ્ટ ઓફીસ ખાતે રૂા.૩૦૦/- ચલણથી રોકડમાં પરીક્ષા ફી પેટે ભરવાના રહેશે. અનામત (સા.શૈ.પ./એસ.ટી./એસ.સી./ઇ.ડબલ્યુ.એસ./શારીરીક અશક્તતા) ઉમેદવારોએ રૂા.૧૫૦/- પરીક્ષા ફી તા.૨૮.૦૬.૨૦૧૯ સુધીમા ભરવાની રહેશે. તમામ ઉમેદવારોએ પોસ્ટલ ચાર્જ પેટે રૂા.૧૨/- ભરવાના રહેશે અને ચલણ પણ ઓજસ વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનું રહેશે.

૨) મૂળ જાહેરાતના ક્રમાક (૧)-આસીસ્ટંટ મેનેજર અને (૨)-ડેપો મેનેજર માં અનુસૂચિત જાતિની ૦૧-૦૧ જગ્યા દર્શાવેલ હતી. પરંતુ સા.વ.વિ. ના તા.૦૭/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નિયત કરાયેલ રોસ્ટર ક્રમાંક મુજબ હવે અનુસૂચિત જાતિની જગ્યા ભરવાની રહેતી નથી. આથી મૂળ જાહેરાત વખતે અનુસૂચિત જાતિના જે

ઉમેદવારોએ અરજી કરેલ હશે અને તે પૈકી જેઓ બિનઅનામત વર્ગના ધોરણો સંતોષતા હશે, તેઓની અરજી બિનઅનામત વર્ગના ઉમેદવાર તરીકે ગણવામાં આવશે. અને આ ધોરણો ન સંતોષતા ઉમેદવારોની અરજી રદ ગણવામાં આવશે.

૩) અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિન અનામત કેટેગરીના જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતનો લાભ મળવાપાત્ર હોય તેમને જેતે જાહેરાત અન્વયે પુન: EWS કેટેગરી હેઠળ અરજી કરવાની રહેશે.

૪) **<u>અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિનઅનામત અને અનામત કેટેગરીના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં</u>**. પરંતુ અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરવાનું ચુકી ગયેલ છે તેવા તમામ કેટેગરીના ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.

૫) ઉપલી વયમર્યાદા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦-૦૧-૨૦૧૯ ધ્યાને લેવામાં આવશે. જ્યારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે.

૬) ઊપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ-૧ માં માજી સૈનિકની ૦૧ જગ્યા, ક્રમ-૨ માં માજી સૈનિકની ૦૧ જગ્યા, ક્રમ-૩માં માજી સૈનિકની ૦૩ જગ્યા તેમજ ક્રમ-૪ માં માજી સૈનિકની ૦૯ જગ્યા અને ક્રમ-૪ માં શારિરીક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે ૦૩ જગ્યાઓ અનામત છે.

૭) આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગોની જગ્યા ઉપર પસંદગી માટે નિગમ નકકી કરે તે હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. (OMR) પધ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પસદંગી માટે ઈન્ટરવ્યુ રાખવામાં આવનાર નથી.

૮) નિગમ ધ્વારા મેરીટમાં આવતા ઉમેદવારોએ નિગમ ધ્વારા નિયત થયેલ કોમ્પ્યુટર વિજ્ઞાનની પરીક્ષામાં પાસ થવું ફરજીયાત રહેશે.

૯) પરીક્ષાને લગતી અન્ય સુચનાઓ પણ વખતોવખત http://ojas.gujarat.gov.in ઉપર મુકવામાં આવશે. જેની ઉમેદવારોએ સમયાંતરે નોંધ લેવાની રહેશે.

તારીખ. ૨૯.૦૫.૨૦૧૯
સ્થળ :ગાંધીનગર

ઈ.ચા.મેનેજર (પર્સોનલ)
ગુ.રા.ના.પુ.નિ.લિ.,ગાંધીનગર.

# માહિતી પુસ્તિકા

Corporate Identity Number [CIN] U65910-GJ1980SGC003957
Email: md-gscsc@gujarat.gov.in Web site: www.gscscl.gujarat.gov.in

## ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફીસ સેકટર ૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨ ૨૧૦૩૭/૩૮ ફેકસ નં. (૦૭૯) ૨૩૨ ૨૨૭૦૭

(જાહેરાત ક્રમાંક: ગુરાનાપુનિ/વર્ગ-૩/૨૦૧૮/૧)
(વેબ સાઇટ એડ્રેસ :http://ojas.gujarat.gov.in)

ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર ધ્વારા વર્ગ ૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે http://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર તારીખ ૨૭.૧૨.૧૮ (બપોરના ૨=૦૦ કલાક) થી તારીખ ૧૦.૦૧.૧૯ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે પુન: તા.૨૯.૦૫.૨૦૧૯ (બપોરના ૨=૦૦ કલાક) થી તા.૨૭.૦૬.૨૦૧૯ (રાત્રીના ૧૧=૫૯ કલાક સુધી) રીઓપન કરવામાં આવે છે. શૈક્ષણિક લાયકાત, વિશેષ લાયકાત, અનુભવ, વય અને વય મર્યાદામાં છુટછાટ, પરિક્ષા પધ્ધતિની વિગતો, ઓન લાઇન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી, વગેરે અંગેની અરજી કરવાને લગતી સંપૂર્ણ સુચનાઓ સદર વેબસાઇટ પર જોયા બાદ જ ઉમેદવારે ઓન-લાઇન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | સરકારશ્રીના નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગાર (માસિક) રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ (E.W.S) | સા.અને શૈ રીતે પછાત (S&EBC) | અનસૂચિ-ત જાતિ (S.C) | અનુસૂચિત જન જાતિ (S.T) | બિન અનામત | આર્થિક રીતે નબળા વર્ગ (E.W.S) | સા.અને શૈ રીતે પછાત (S&EBC) | અનસૂચિ ત જાતિ (S.C) | અનુસૂચિત જન જાતિ (S.T) | |
| ૧ | આસીસ્ટન્ટ મેનેજર | ૧૩ | ૮ | ૧ | ૩ | ૦ | ૧ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૩૮,૦૯૦/- |
| ૨ | ડેપો મેનેજર | ૧૧ | ૭ | ૧ | ૨ | ૦ | ૧ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૩૧,૩૪૦/- |
| ૩ | સીનીયર આસીસ્ટન્ટ | ૧૮ | ૧૦ | ૧ | ૪ | ૧ | ૨ | ૩ | ૦ | ૧ | ૦ | ૧ | ૧૯,૯૫૦/- |
| ૪ | આસીસ્ટન્ટ/ આસી.ડેપો મેનેજર | ૯૫ | ૪૧ | ૯ | ૨૫ | ૬ | ૧૪ | ૧૪ | ૩ | ૮ | ૨ | ૫ | ૧૯,૯૫૦/- |
| કુલ | | ૧૩૭ | ૬૬ | ૧૨ | ૩૪ | ૭ | ૧૮ | ૨૨ | ૩ | ૧૧ | ૨ | ૬ | |

**નોધ:** ૧) મૂળ જાહેરાતના ક્રમાક (૧)-આસીસ્ટંટ મેનેજર અને (૨)-ડેપો મેનેજર માં અનુસૂચિત જાતિની ૦૧-૦૧ જગ્યા દર્શાવેલ હતી. પરંતુ સા.વ.વિ. ના તા.૦૭/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નિયત કરાયેલ રોસ્ટર ક્રમાંક મુજબ હવે અનુસૂચિત જાતિની જગ્યા ભરવાની રહેતી નથી. આથી મૂળ જાહેરાત વખતે અનુસૂચિત જાતિના જે ઉમેદવારોએ અરજી કરેલ હશે અને તે પૈકી જેઓ બિનઅનામત વર્ગના ધોરણો સંતોષતા હશે, તેઓની

અરજી બિનઅનામત વર્ગના ઉમેદવાર તરીકે ગણવામાં આવશે. અને આ ધોરણો ન સંતોષતા ઉમેદવારોની અરજી રદ ગણવામાં આવશે.

૨) અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિન અનામત કેટેગરીના જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતનો લાભ મળવાપાત્ર હોય તેમને જેતે જાહેરાત અન્વયે પુનઃ EWS કેટેગરી હેઠળ અરજી કરવાની રહેશે. અને મૂળ જાહેરાત અન્વયે બિન-અનામત કેટેગરીમાં અરજી કરેલ ઉમેદવાર કે જેઓ EWS કેટેગરીમાં પુનઃ અરજી કરશે તેવા ઉમેદવારને મૂળ જાહેરાત અન્વયે ભરેલ પરીક્ષા ફી અરજી સ્વીકરવાની પ્રક્રિયા પુર્ણ થયેથી પરત આપવામાં આવશે.

૩) **અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ બિનઅનામત અને અનામત કેટેગરીના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં**. પરંતુ અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરવાનું ચુકી ગયેલ છે તેવા તમામ કેટેગરીના ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.

૪) ઉપલી વયમર્યાદા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦-૦૧-૨૦૧૯ ધ્યાને લેવામાં આવશે. જ્યારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે.

(૧) <u>જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ થવાની શકયતાઓ છે. જે બાબતનો નિગમનો નિર્ણય આખરી રહેશે.</u>

(૨) **<u>ભરતી માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર તથા અન્ય વિગતો:</u>**

| **૧** | **૧** | **જગ્યાનું નામ** | **આસિસ્ટંટ મેનેજર** |
|---|---|---|---|
| | ૨ | **શૈક્ષણિક લાયકાત** | માન્ય યુનિવર્સિટીની વિજ્ઞાન/ વાણિજય/ કૃષિ વિદ્યાશાખાની પ્રથમ વર્ગની પૂર્ણ સમયના અભ્યાસક્રમની અનુસ્નાતક પદવી.<br>**<u>અથવા</u>**<br>AICTE માન્યતા પ્રાપ્ત સંસ્થાની એમ.બી.એ.(ફાઈનાન્સ/માર્કેટીંગ/ લોજીસ્ટીક) પૂર્ણ સમયના અભ્યાસક્રમની ઓછામાં ઓછાં ૬૦% ગુણ સાથેની પદવી. |
| | ૩ | **અગ્રીમતા માટેની વિશેષ લાયકાત** | સરકાર માન્ય સંસ્થા પાસેથી મેળવેલ નીચે મુજબના વિષયો પૈકીની વધારાની શૈક્ષણિક લાયકાત :<br>૧. અનાજની પ્રાપ્તિ અને વૈજ્ઞાનિક ધોરણે સંગ્રહ.<br>૨. અનાજની હેરફેર (Movement)<br>૩. રેલ્વે કલેઈમના સેટલમેન્ટ.<br>૪. નુરની ગણતરી.<br>૫. મજુર કાયદા.<br>૬. અનાજની ગુણવત્તા નિયંત્રણ. (Quality Control) |
| | ૪ | **અનુભવ** | અનુસ્નાતક/એમ.બી.એ.ની ઉપાધિ મેળવ્યા બાદનો લોજીસ્ટીક, કવોલીટી કંટ્રોલ, ફુડ સ્ટોરેજ વિગેરે કામગીરી સાથે સંકળાયેલ સરકારી / અર્ધ સરકારી / જાહેર / ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ<br>**<u>અથવા</u>**<br>જરૂરિયાત મુજબની લાયકાત (અનુસ્નાતક / એમ.બી.એ.) મેળવ્યા બાદનો સુપરવાઈઝર કેડરનો સરકારી / અર્ધસરકારી/ જાહેર/ ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ |
| | | | ત્રણ વર્ષના અનુભવમાં એક સંસ્થામાં એક વર્ષથી ઓછો અનુભવ ન હોવો જોઈએ. અનુભવના કિસ્સામાં ઠરાવેલ શૈક્ષણિક લાયકાત પૂર્ણ કર્યા પછીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે તે પહેલાના અનુભવનો ગાળો ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ શૈક્ષણિક લાયકાતપછીના કિસ્સામાં સરકારશ્રીમાં ૧૧-માસના કરાર આધારિત |

| | | | |
|---|---|---|---|
| | | | ધોરણે ફરજ બજાવેલી હશે તે અનુભવ ધ્યાને લેવામાં આવશે. |
| | ૫ | **કોમ્પ્યુટરની જાણકારી** | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે. |
| | | | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સનો કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC) સમકક્ષ અથવા નિગમ / સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૬ | **ભાષાઓની જાણકારી** | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૭ | **ઉંમર** | ઓછામાં ઓછી ૨૫ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૮ | **પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ)** | રૂ.૩૯,૯૦૦/- - રૂ.૧,૨૬,૬૦૦/- |
| | ૯ | **પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીકસ પગાર (સરકારના નિયમોનુસાર)** | રૂ. ૩૮,૦૯૦/- |

| ૨ | ૧ | જગ્યાનું નામ | ગોડાઉન મેનેજર |
|---|---|---|---|
| | ૨ | **શૈક્ષણિક લાયકાત** | માન્ય યુનિવર્સિટીની વિજ્ઞાન/ વાણિજય / કૃષિ વિદ્યાશાખાની બીજા વર્ગમાં પૂર્ણ સમયના અભ્યાસક્રમની અનુસ્નાતક પદવી.<br>**અથવા**<br>AICTE માન્યતા પ્રાપ્ત સંસ્થાની એમ.બી.એ.(ફાઈનાન્સ/માર્કેટીંગ/ લોજીસ્ટીક)માં પૂર્ણ સમયના અભ્યાસક્રમની ઓછામાં ઓછાં ૫૦% ગુણ સાથેની પદવી. |
| | 3 | **અગ્રીમતા માટેની વિશેષ લાયકાત** | સરકાર માન્ય સંસ્થા પાસેથી મેળવેલ નીચે મુજબના વિષયો પૈકીની વધારાની શૈક્ષણિક લાયકાત :<br>૧. અનાજની પ્રાપ્તિ અને વૈજ્ઞાનિક ધોરણે સંગ્રહ.<br>૨. અનાજની હેરફેર (Movement)<br>૩. રેલ્વે કલેઈમના સેટલમેન્ટ.<br>૪. નુરની ગણતરી.<br>૫. મજુર કાયદા.<br>૬. અનાજની ગુણવત્તા નિયંત્રણ. (Quality Control) |
| | ૪ | **અનુભવ** | અનુસ્નાતક / એમ.બી.એ.ની ઉપાધિ મેળવ્યા બાદનો લોજીસ્ટીક, કવોલીટી કંટ્રોલ, ફુડ સ્ટોરેજ વિગેરે કામગીરી સાથે સંકળાયેલ સરકારી / અર્ધ સરકારી / જાહેર / ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ.<br>**અથવા**<br>જરૂરિયાત મુજબની લાયકાત (અનુસ્નાતક / એમ.બી.એ.) મેળવ્યા બાદનો સુપરવાઈઝર કેડરનો સરકારી / અર્ધસરકારી/ જાહેર/ ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ. |
| | | | ત્રણ વર્ષના અનુભવમાં એક સંસ્થામાં એક વર્ષથી ઓછો અનુભવ ન હોવો જોઈએ. અનુભવના કિસ્સામાં ઠરાવેલ શૈક્ષણિક લાયકાત પૂર્ણ કર્યા પછીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે તે પહેલાના અનુભવનો ગાળો ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ શૈક્ષણિક લાયકાત પછીના કિસ્સામાં સરકારશ્રીમાં ૧૧-માસના કરાર આધારિત ધોરણે ફરજ બજાવેલી હશે તે અનુભવ ધ્યાને લેવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| | ૫ | **કોમ્પ્યુટરની જાણકારી** | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે. |
| | | | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સનો કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC) સમકક્ષ અથવા નિગમ/સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૬ | **ભાષાઓની જાણકારી** | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૭ | **ઉંમર** | ઓછામાં ઓછી ૨૪ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૮ | **પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ)** | રૂા. ૩૫,૪૦૦/-  - રૂ.૧,૧૨,૪૦૦/- |
| | ૯ | **પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીકસ પગાર (સરકારના નિયમોનુસાર)** | રૂા. ૩૧,૩૪૦/- |

| ૩ | ૧ | જગ્યાનું નામ | સીનીયર આસિસ્ટંટ |
|---|---|---|---|
| | ૨ | શૈક્ષણિક લાયકાત | માન્ય યુનિવર્સિટીની વિજ્ઞાન/ વાણિજય / કૃષિ વિદ્યાશાખાની પ્રથમ વર્ગમાં પૂર્ણ સમયના અભ્યાસક્રમની સ્નાતક પદવી |
| | ૩ | અનુભવ | સરકારી / અર્ધ સરકારી / જાહેર / ખાનગી સંસ્થામાં સળંગ બે વર્ષની કચેરી કામગીરીનો પૂર્ણ સમયનો અનુભવ કોઈ એક સંસ્થામાં એક વર્ષથી ઓછો અનુભવ ન હોવો જોઈએ. અનુભવના કિસ્સામાં ઠરાવેલ શૈક્ષણિક લાયકાત પૂર્ણ કર્યા પછીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે તે પહેલાના અનુભવનો ગાળો ધ્યાને લેવામાં આવશે નહિ તેમજ શૈક્ષણિક લાયકાત પછીના કિસ્સામાં સરકારશ્રીમાં ૧૧-માસના કરાર આધારિત ધોરણે ફરજ બજાવેલી હશે તે અનુભવ ધ્યાને લેવામાં આવશે. |
| | ૪ | કોમ્પ્યુટરની જાણકારી | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે. |
| | | | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સનો કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC) સમકક્ષ અથવા નિગમ / સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૫ | ભાષાઓની જાણકારી | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૬ | ઉંમર | ઓછામાં ઓછી ૨૪ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૭ | પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ) | રૂા.૨૫,૫૦૦/- - રૂ.૮૧,૧૦૦/- |
| | ૮ | પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીકસ પગાર (સરકારના નિયમોનુસાર) | રૂા.૧૯,૯૫૦ /- |

| ૪ | ૧ | જગ્યાનું નામ | આસિસ્ટંટ / આસિસ્ટંટ ડેપો મેનેજર |
|---|---|---|---|
| | ૨ | **શૈક્ષણિક લાયકાત** | માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યા શાખાની બીજા વર્ગમાં પૂર્ણ સમયના અભ્યાસક્રમની સ્નાતક પદવી.<br>મેરીટ યાદીમાં સરખા ગુણ ધરાવતા ઉમેદવારો પૈકી વિજ્ઞાન / વાણિજયની વિદ્યા શાખાના સ્નાતકને અગ્રતા આપવામાં આવશે. |
| | 3 | **કોમ્પ્યુટરની જાણકારી** | કોમ્પ્યુટર વિજ્ઞાનની જાણકારી ફરજીયાત છે. કોમ્પ્યુટર વિજ્ઞાનની અલગથી પરીક્ષા લેવામાં આવશે.<br>ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સનો કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC) સમકક્ષ અથવા નિગમ / સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| | ૪ | **ભાષાઓની જાણકારી** | ઉમેદવારને ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતું જ્ઞાન હોવું જોઈએ. |
| | ૫ | **ઉંમર** | ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૫ વર્ષ |
| | ૬ | **પગાર ધોરણ (સાતમા પગારપંચ મુજબ)** | રૂા.૧૯,૯૦૦/- - રૂ.૬૩,૨૦૦/- |
| | ૭ | **પ્રથમ પાંચ વર્ષનો માસિક ફીક્સ પગાર (સરકારના નિયમોનુસાર)** | રૂા.૧૯,૯૫૦/- |

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

૧. **રાષ્ટ્રીયતા** :- ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબ રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ. અથવા

(ચ) મૂળ ભારતીય વ્યકિત કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર) શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસ્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેર, ઈથોપીયા અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલા હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

<u>**નોંધઃ-**</u> જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક નિગમ વિચારણામાં લેશે અને જો નિમણુંક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિગમ તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણુંક આપશે.

૨. **ભરેલા અરજીપત્રક** :-

(૦૧) જો એક કરતાં વધુ સંવર્ગ/જગ્યા માટે અરજી કરવાની હોય તો દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી નિયમ મુજબ ભરવાની રહેશે.

(૦૨) અરજી ફી વગરની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૦૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૦૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૦૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઈ શકે છે, પુરૂષ તેમજ મહિલા

ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૦૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઈ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવાર પુરેપુરા પસંદગી પામે / જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઈ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરૂષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.) એટલેકે મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી (જનરલ/એસસીબીસી/એસટી/ એસસી) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

**૩. જન્મ તારીખ :-**

(૧) નિગમ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. બોર્ડ ધ્વારા અપાયેલ એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ ............ છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય નિગમ ધ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઈપણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

**૪. વયમર્યાદા :-**

(૧) <u>ઉંમર મૂળ જાહેરાતની અરજી સ્વિકારવાની છેલ્લી તારીખ૧૦-૦૧-૨૦૧૯ ના રોજ ની ગણવામાં આવશે.</u>

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના આર્થીક રીતે નબળા વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં.) |
| ૨ | બિનઅનામત વર્ગોના મહિલા ઉમેદવારો. | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં.) |
| ૩ | મુળ ગુજરાતના આર્થીક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા ઉમેદવારો (જાહેરાતમાં જે અનામત વર્ગની જગ્યાઓ હશે તે અનામત વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટવાટ મળવાપાત્ર છે. | દશ વર્ષ(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં.) આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે. તેનો સમાવેશ થઈ જાય છે. |
| ૪ | માજી સૈનિકો, ઈસી.ઓ.એસ.એસ.સી.ઓ. સહિત ઉમેદવારો. | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫ | શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો (જોગવાઈ-૦૯ માં આપેલ વિગતને આધિન) :- શારીરિક અશકતતાવાળા ઉમેદવારો કે જેઓ હલનચલનની અશકતતા O.L. (One Leg affected) અથવા O.A. (One Arm affected) અથવા શ્રવણની અશકતતા (H.H. - Hearing Handicapped) કે જેઓ ૪૦% કે તેથી વધુ પરંતુ ૭૫% થી ઓછી મોડરેટ કક્ષાના શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો હોય તેઓને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે. આ સિવાય અન્ય શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. શારિરીક અશકતતા અંગે સામાન્ય વહિવટ વિભાગના તા. ૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક .પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨, થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ / સિવિલ સર્જન / મેડિકલબોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. | |

૫. **શૈક્ષણિક લાયકાત :-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત સુધારેલ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી/ પૂર્ણ સમયના અભ્યાસક્રમની ડીગ્રી મેળવેલ હોવી જોઈએ.

(૩) નિગમ ધ્વારા માંગવામાં આવે ત્યારે ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/ સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે અને ગુણપત્રક ઉપરાંત માન્ય યુનિવર્સીટી નું ડીગ્રી બાબતના પ્રમાણપત્ર ની પ્રમાણિત નકલ. રજુ કરવાની રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

(૬) જે કિસ્સામા ઉમેદવારના ગુણ પર્સન્ટાઇલમા હોય તે પર્સન્ટેજમા રૂપાંતર કરી અરજી ફોર્મમા દર્શાવવાના રહેશે.

૬. **અનુભવ :-**

(૧) માંગેલ પૂર્ણ સમયનો અનુભવ, શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીથી સુધારેલ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીનો ગણવામાં આવશે. શૈક્ષણિક લાયકાત પહેલાનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિં.

(૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(બ) સુધારેલ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ) મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત પછીના અનુભવના પ્રમાણપત્ર તથા પ્રથમ પગાર સ્લીપ અને છેલ્લી પગારસ્લીપ રજુ કરવાની રહેશે. અલગ-અલગ સંસ્થામાં અનુભવના કિસ્સામાં તે સંસ્થામાં જોડાયાની પ્રથમ સ્લીપ અને છેલ્લી સ્લીપ ક્રમાનુસાર તબક્કાવાર રજુ કરવાની રહેશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. અરજી કર્યા પછી અનુભવના નવા પ્રમાણપત્રો સ્વિકારવામાં આવશે નહી.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદ વેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

(૬) સરકારશ્રીમાં ૧૧-માસના કરાર આધારિત અનુભવને ધ્યાનમાં લેવામાં આવશે.

(૭) પાર્ટ ટાઈમનો અનુભવ ધ્યાને લેવામાં આવશે નહિ.

**૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળાવર્ગ :-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના પરિશિષ્ટ (ક) મુજબના અથવા ઉક્ત વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમૂના "પરિશિષ્ટ-૪" મુજબનું પ્રમાણપત્ર રજું કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર તા.૦૧.૦૪.૨૦૧૬ થી અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ હોવું જોઈએ. અરજી સાથે પરિશિષ્ટ (ક) ના બદલે Annexure- A અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર રજુ કરેલ હશે

તો પણ અરજી રદ કરવામાં આવશે. કેમકે Annexure-A કેંન્દ્ર સરકાર હેઠળની નોકરી માટેનું છે. જો ઉમેદવારે આ પ્રમાણપત્ર (પરિશિષ્ટ-ક) અરજી સાથે રજુ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(બ) "ઉન્નત વર્ગમાં સમાવેશ નહી હોવા અંગેના પ્રમાણપત્ર" નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૧૮-૧૯ દરમ્યાન ઇસ્યુ કરાયેલ તથા તેની મહત્તમ અવધિ ઇસ્યુ થયા વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે તેવો ઉલ્લેખ કરવામાં આવેલ હોય તેવું. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં ઇસ્યું કરાયેલ પ્રમાણપત્રની અવધિ તા. ૩૧-૦૩-૨૦૧૯ ના રોજ પૂરી થતી હોય વિશેષ સંજોગોમાં મૂળ જાહેરાત વખતે ૨૦૧૬-૧૭ નું **NCLC પ્રમાણપત્ર માન્ય ગણાતું હોઇ જાહેરાત રીઓપન વખતે પણ તેને માન્ય ગણવામાં આવશે અને જો કોઇ ઉમેદવાર તા.૦૧-૦૪-૨૦૧૯ પછી અરજી કરે અને ૨૦૧૮-૧૯ નું NCLC રજૂ કરે તો પણ ગાહ્ય રાખવામાં આવશે. પરંતુ આવુ પ્રમાણપત્ર સંબંધીત જાહેરાત માટે ઓન લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવુ જોઇએ.**

**નોધ** : ઉન્નત વર્ગમાં સમાવેશ નહી હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/સ્વીકૃતી તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.

(ક) પરિણીત મહિલા ઉમેદવારોએ આવુ પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે, જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. <u>જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.</u>

(ડ) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે "ઉન્નત વર્ગમાં સમાવેશ નહી હોવા અંગેના પ્રમાણપત્ર " ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઇ ભુલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(ઇ) ઉન્નત વર્ગમાં સમાવેશ નહી હોવા અંગેના પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઇપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈછિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામાં આવે તો નિગમને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી

જાહેરાત નહિં કરીને કોઇપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેના કોઇપણ માપદંડમાં ફેરફારની સ્વૈછિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતાવાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ના થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનુ પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને બિન અનામત ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે અને તેવા ઉમેદવારોને બિન અનામતની શરતો લાગુ પડશે.

(૮) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫-૦૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલા નમૂના અગ્રેજીમાં **"Annexure-KH"** અથવા ગુજરાતીમાં "પરિશિષ્ટ-ગ" મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવા રહેશે. આ પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરેતી વખતે દર્શાવવાના રહેશે.

(૯) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવતાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

(૧૦) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

**૮. માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

**૯. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો :-**

(ક) શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારોએ અરજીપત્રકમાં આ વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશકતતા ૪૦% કે તેથી વધુ પરંતુ ૭૫ % થી ઓછી હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે (૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ (૨) શ્રવણની ખામી (૩) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની કઈ શારીરિક અશકતતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને

પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ ૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલબોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે.
જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશકતતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૧૦. મહિલા ઉમેદવાર :-**

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (category) મહિલા ઉમેદવાર સામે પુરૂષ ઉમેદવાર ધ્યાને લેવામાં આવશે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક અશકતતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

**૧૧. વિધવા ઉમેદવાર :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુનઃ લગ્ન કરેલ ન હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું. અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુનઃ લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોયતો અરજી સાથે પુનઃ લગ્ન કરેલ નથી તેવી એફિડેવીટ રજુ કરવાની રહેશે.

(૪) સામાન્ય વહિવટ વિભાગના તા.૩૧-૦૮-૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક. સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ ગઃ૨, તા.૨૨.૫.૯૭ અનુસાર વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણમાં તેના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે કે તે પહેલા પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઈએ અને નિગમ જ્યારે માગે તે તમામ આ બાબતના સાધનિક પુરાવાઓ અસલમાં રજુ કરવાના રહેશે.

**૧૨. ના વાંધા પ્રમાણપત્ર :-**

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ નિગમની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન- ૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણુંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૩. ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪. ફરજિયાત નિવૃતિ, રૂખસદ, બરતરફ :-**

ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજિયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫. અગ્રિમ શૈક્ષણિક લાયકાત :-**

(૧) તમામ સંવર્ગ માટે શૈક્ષણિક લાયકાતમાં અગ્રિમતા માટે વિશેષ લાયકાત (એક કે એકથી વધુ) જે ઉમેદવાર ધરાવતા હશે તેઓને તેઓ ધ્વારા લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણમાં વધુમાં વધુ ૫ ટકા વધારાના ગુણ નિગમ ધ્વારા નિયુકત કરેલ સમિતિ ધ્વારા આપવામાં આવશે. આ હેતુ માટે જાહેરાતમાં દર્શાવેલ વિશિષ્ટ લાયકાતના પ્રમાણપત્રો સરકાર માન્ય સંસ્થાના જ હોવા જરૂરી છે, અને તેવા પ્રમાણપત્રો જ માન્ય ગણવામાં આવશે. એ માટે નિગમ ધ્વારા નિયુકત થયેલ સમિતિનો નિર્ણય આખરી ગણાશે જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

**૧૬. રમત-ગમત :-**

એથલેટીકસ, (ટ્રેકઅન, ફિલ્ડ રમતો સહિત) બેડમિન્ટન, બાસ્કેટ બોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનીસ, વેઈટ લીટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઈકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઈફલ શુટીંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજની

રમતો- ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભાત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સા.વ. વિભાગના તા.૨૫-૨-૧૯૮૦ ના ઠરાવ ક્રમંક સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪-ગ.ર તથા તા: ૦૧-૦૮-૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/ ૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકદાર થશે.

**૧૭. પસંદગી પ્રક્રિયા :-**

ઉપરોકત ચારેય સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષા પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પસંદગી માટે ઈન્ટરવ્યુ રાખવામાં આવનાર નથી.

૧. લેખિત કસોટી-ઓપ્ટીકલ માર્ક રીડીંગ (ઓએમઆર) પ્રશ્ન પેપર ગુણ ૧૦૦ સમય એક કલાક કેડર વાઈઝ કક્ષાને અનુરૂપ અલગ અલગ પ્રશ્નપત્ર અને પરીક્ષા રાખવામાં આવશે.

| **ક્રમ** | **વિષય** | **માર્કસ** |
|---|---|---|
| ૧ | ક્વોન્ટીટેવ એબીલીટી | ૨૫ |
| ૨ | એનાલીટીકલ એબીલીટી | ૨૫ |
| ૩ | લોજીકલ રીઝનીંગ | ૨૫ |
| ૪ | કરન્ટ અફેર્સ, ભારત અને રાજય | ૧૦ |
| ૫ | ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને વહીવટી તંત્ર | ૧૫ |

૨. જગ્યા માટેની પસંદગી માટે (OMR) પરીક્ષામાં મેળવેલ ગુણ વિશિષ્ટ લાયકાત અન્વયે મેળવેલ ગુણના મળવાપાત્ર ૫ ટકા, વિધવા ઉમેદવાર હોય તો તે અન્વયે મેળવેલ ગુણના ૫ ટકા ગુણ, ખેલકુદની સ્પર્ધાઓમાં નિયમ મુજબના ઉમેદવારને મેળવેલ ગુણના ૫ ટકા ગુણ ઉમેરી ત્યારબાદ જે તે કેટેગરીની જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોની અરજી ચકાસણીને પાત્ર પ્રોવીઝનલ યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે અને આ ઉમેદવારોની ક્વોલીફાઈંગ કોમ્પ્યુટરની પરીક્ષા યોજવામાં આવશે અને તેમાં ક્વોલીફાઈંગ થનારા ઉમેદવારોની જ અરજીઓની ચકાસણી જાહેરાતની જોગવાઈ અનુશાર નિગમની ભરતી સમિતિ દ્વારા કર્યા બાદ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણની મેરીટ યાદી પ્રમાણે આખરી પસંદગી યાદી જાહેર કરવામાં આવશે.

**૧૮. માત્ર પ્રમાણપત્રોની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાત :-**

(૧) રૂબરૂ મુલાકાત નિગમ દ્વારા નિયત કરવામાં આવેલ કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ ધ્વારા નિયત થયેલ

ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ નિયુકિત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**૧૯. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) ઓનલાઈન મુસદા મુજબ અરજી કરેલ ન હોય.

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેકસથી અથવા ઈ-મેઈલથી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થીક રીતે નબળા વર્ગો અને શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય.

(૯) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૦) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૧) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૨) ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય.

**૨૦. નિમણુંક :-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણુંક માટે પસંદ થયેલા ઉમેદવારને નિગમ ધ્વારા જાણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણુંકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ નિગમ નકકી કરે તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે. આ પ્રકારની પરીક્ષામાં ઉત્તીર્ણ નહીં થનાર ઉમેદવાર નિમણુંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણુંક અંગેનો કોઈપણ પત્રવ્યવહાર નિગમ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારીધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમને રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ નિગમમાં રજુ કરવા.

(૪) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ. ની વડીકચેરી હાલ ગાંધીનગર ખાતે છે. આ ઉપરાંત નિગમની પેટા કચેરીઓ ગુજરાતના અલગ અલગ જિલ્લા/તાલુકા વગેરે વિસ્તારોમાં પણ આવેલી છે જેથી પસંદગી પાત્ર ઉમેદવાર નિગમ/સરકારની કોઈપણ કચેરી ખાતે નિમણુંક/બદલીને પાત્ર રહેશે.

(૫) આ નિમણુક પામનારે નિગમમાં હાજર તારીખથી સળંગ પાંચ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. જો તે કરતા ઓછા સમય માટે ફરજ બજાવશે અને નિગમની નોકરી છોડવાનો એટલે કે રાજીનામુ આપવાનો પ્રસંગ બને તેવા કિસ્સામાં જે-તે કેડરના છેલ્લા મેળવેલ માસિક પગારના ધોરણે એક વર્ષના પગાર જેટલી રકમ નિગમ દ્વારા વસુલ કરવામાં આવશે. (જે નિગમના પરિપત્ર ક્રમાંક:નાપુનિ/૧૩૧/મકમ/સીધીભરતી/બોન્ડ/પરત/૨૦૧૭/૫૧૫૮/A; તા. ૨૪.૧૦.૨૦૧૭ ને આધિન રહેશે. - પરિપત્ર આ સાથે સામેલ છે) આ માટે હાજર થનાર ઉમેદવારે હાજર થવાના સમયે રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર આ સાથે સામેલ " કર્મચારી બાંહેધરી બોન્ડ"ના નમુના મુજબનુ સર્વિસબોન્ડ કોમ્પુટર ટાઈપમાં તૈયાર કરી લાવવાનુ રહેશે. બોન્ડ રજુ નહિ કરનારની નિમણુક રદ કરવામાં આવશે.

**૨૧. ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઈપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઈપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઈપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ / બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહીં, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઈપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઈ ઉમેદવાર નિગમ ધ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા.

(૨) નામ બદલીને પરીક્ષા આપવી.

(૩) કોઈ અન્ય વ્યકિત ધ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય.

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય.

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય.

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઈપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય.

(૭) કસોટી સમયે કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય.

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય.

(૯) પરીક્ષા ખંડમાં કોઈપણ રીતની ગેરવર્તણુંક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઈડ, કાપલી તેવા કોઈપણ છાપેલ કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત ધ્વારા કે કોઈ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઈપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) નિગમ પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઈપણ પ્રકારની શારીરિક ઈજા પહોંચાડવી, અથવા

(૧૧) ઉપરોકત જોગવાઈઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઈપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે કે સીધી અથવા આડકતરી રીતે નિગમ પર પરોક્ષ કે પ્રત્યક્ષ દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ પ્રયત્ન કર્યો હોય ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(૧૨) ઉત્તર પત્રકમાં પોતાની ઓળખ સુચક કોઈ પણ પ્રકારની નિશાની લખાણ/આલ્ફાબેટ ચિન્હ જેના થી ઓળખ પ્રસ્થાપીત થાય તેવા પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(ક) નિગમ ધ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઈપણ પરીક્ષા કે કોઈપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે,

(૧) નિગમ ધ્વારા લેવાનાર કોઈપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઈપણ નોકરીમાંથી સરકાર ધ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

(૧૩) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા નિગમ/સરકાર ધ્વારા ઉમેદવારને/કર્મચારીને,

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું - હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

## ૨૨. **Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત: -**

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ આયોગ ધ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે, ઉમેદવાર તા.૨૯.૦૫.૨૦૧૯; ૧૪=૦૦ કલાકથી તા.૨૭.૦૬.૨૦૧૯; ૧૧=૫૯ કલાક સુધીમાં htpp//ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ htpp//ojas.gujarat.gov.in પર જવું.

(૨) Apply OnLine Click કરવું.

આ પ્રમાણે Click કરવાથી (1) More Details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More Details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો, અને ત્યાર બાદ Apply Now બટન ક્લિક કરવું.

(૩) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Click Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" માં જયાં Mobile Number અને email ID માંગ્યા છે. તેની વિગત ફરજીયાત લખવી જેથી જરૂર જણાયે નિગમ ઉમેદવારને માહિતગાર કરી શકે.

(૪) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૫) Additional Qualification "click" કરી Additional Qualification ભરવી.

(૬) Experience Details પર "click" કરવું. અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર "Click" કરી Details ભરવી.

(૭) તેની નીચે "Self declaration" માં Yes / No પર click કરવું.

(૮) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં નિગમ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

(૯) જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા-વધારા કરવાના હોય તો Edit Application માં જઈને કરી શકાશે. આ સુવિધા અરજી Confirm કરતાં પહેલાં ઉપલબ્ધ છે. એક વખત **Confirm** થઈ ગયા પછી / બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર "click" કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર "click" કરો. અહીં, photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Format માં (10 KB) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલ .jpg Format માં

તમારો photo store થયેલ છે તે ફાઈલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Browse" Button ની બાજુમાં "Upload" Button પર click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી ત્રણ (૩) બટન OK ૨: Application preview 3: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ, અરજી confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો નિગમમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ,ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૨) સામાન્ય કેટેગરીના ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર કલીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂા.૩૦૦/- પરીક્ષા ફી + રૂા.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ તેમજ મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ પોસ્ટઓફીસમાં રૂા.૧૫૦/- પરીક્ષા ફી રૂા.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે. <u>તા. ૨૮.૦૬.૨૦૧૯</u> સુધીમાં ભરવાની રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જયારે નિગમ ધ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા નિગમની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૩) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવસાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની

અરજી સાથે ભરેલ ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહી હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

(૧૪) અરજી ફી: -

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં રૂ.૩૦૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે, અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) મૂળ ગુજરાતના અનામત કક્ષાના તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ પોસ્ટ ઓફીસમાં રૂ.૧૫૦/- પરીક્ષા ફી + રૂ.૧૨/- પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારને કોઈપણ સંજોગોમાં સ્પર્ધાત્મક કસોટી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ફકત પોસ્ટ ઓફીસ ધ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફટથી, ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૧૫) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે.

(૧૬) અરજીપત્રક સાથે માંગવામાં આવે ત્યારે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી (આ યાદી ફકત ઉમેદવારોને મદદ રૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઈ તથા પરીક્ષા નિયમોની જોગવાઈ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૦૧ | એક જાહેરાત માટે એક અરજી કરવી. |
| ૦૨ | એસ.એસ.સી. બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય (શાળા છોડયાના S.L.C પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) |
| ૦૩ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ. |
| ૦૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ માટે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ. |
| ૦૫ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર જાહેરાતમાં જણાવ્યા મુજબ તા. ૦૧.૦૪.૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ થયેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના " ક " મુજબ ગુજરાતીમાં આવતુ પ્રમાણપત્ર |

| | |
|---|---|
| | બીડવું. અંગ્રેજીમાં આપવામાં આવતું Annexure - A માન્ય નથી. |
| ૦૬ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવાર માટે સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ તબીબી પ્રમાણપત્રની નકલ (સા.વ.વિ.ના તા.૧.૧૨.૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |
| ૦૭ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતક પદવીના અંતિમ વર્ષનું ગુણપત્રક / પદવી પ્રમાણપત્રની નકલ. |
| ૦૮ | સક્ષમ અધિકારી ધ્વારા સંસ્થાના લેટરપેડ પર આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ જેમાં (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) બજાવેલ ફરજોની વિગતો (૪) મેળતા પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોવી જોઈએ. |
| ૦૯ | સરકારી કર્મચારીના કિસ્સામાં પ્રમાણપત્રની ખરાઈ માટેની રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ 'ના-વાંધા' પ્રમાણપત્રની નકલ અચૂક રજૂ કરવાની રહેશે., અન્યથા ઉમેદવારી રદ ગણવામાં આવશે. (સામાન્ય વહીવટ વિભાગના તા.૮.૧૧.૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ.) |
| ૧૦ | વિધવા ઉમેદવારના કિસ્સામાં બીજા લગ્ન કરેલ નથી તેવું સોગંદનામું. |
| ૧૧ | સરકારી પરિપત્ર મુજબનું ખેલકુદનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો) |

આ તબકકે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પુરતી કાળજી ઉમેદવારો ધ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઈક પ્રમાણપત્રો બિડવાના રહી જતા હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સુચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ નિગમે તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી, નિગમમાં રજૂ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી, ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજૂ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ. ને સંપુર્ણ અધિકાર રહેશે. આ માટે કારણો આપવા નિગમ બંધાયેલ રહેશે નહિ.

ઈ.ચા.જનરલ મેનેજર (પર્સોનલ)
ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.

## પરિશિષ્ટ- ક

રાજય સરકારની નોકરીમાં / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજુ કરવાના પ્રમાણપત્રનો નમુનો....

..............................................................................................................................................

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ..........................................જિલ્લાના ..............................

તાલુકાના...................................................................ગામના

શ્રી/કુ. ...........................................ના પુત્ર / પુત્રી ............................... જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧.૪.૭૮ ના ઠરાવ નંબર-બકર/૧૦૭૯/૧૩૭૩૪/હ. તેમજ ત્યારબાદના વખતો વખતના સુધારા / વધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી..................................................... અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજયના .................................. જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે / તેથીનો ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧.૧૧.૧૯૯૫ ના ઠરાવ ક્રમાંક : સશય-૧૧૯૪-૧૦૯-અ સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર)ની વ્યકિત / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : ................................ | સક્ષમ અધિકારીની સહિ,

(સીલ) | હોદ્દો :

------------------------------------------------------

નોંધ :

ક) ઉપર દર્શાવેલ "સાામન્ય રીતે" શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ્સ એકટ, ૧૯૫૦) ની કલમ- ૨૦ જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજય સરકારના રાજયપત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઈએ. (રાજયપત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારી ધ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પુરતાં ગણવામાં આવશે નહિ.)

## ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો

ક્રમાંક : ..............................................................................તા.............................

સા.વ.વિ.ના તા.૮.૧૧.૮૯ ના પરિપત્ર ક્રમાંકઃ એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-ર થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

### પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી .......................................................... આ ખાતામાં તા.............................થી સતત જગ્યા પર કામ કરે છે.

ર. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જયારે તેઓની સરકારમાં પ્રથમ નિમણુંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણૂંક માન્ય પધ્ધતિ ધ્વારા હંગામી / કામયમી રીતે કરવામાં આવી છે.

૩. જગ્યાનું નામઃ .................................................................... (વર્ગ-............. જે જગ્યા માટે શ્રી /શ્રીમતિ ............................................................ એ અરજી કરી છે તે ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

હોદ્દો

ખાતાના વડા

( )

સ્થળ :

તારીખ :

પ્રતિ,

શ્રી.....................................

..........................................

..........................................

નકલ રવાના :